# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **શુક્રવાર તા.૨–૮–૨૦૨૪ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૭–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના વિવિધ ઝોન વિસ્તારમાં ફુટપાથ તથા ગલીઓમાં પેવર બ્લોકથી પેવીંગ કરવાના કામો માટે પેવર બ્લોક તથા તેની સમકક્ષ વિવિધ બ્લોક બનાવતા ઉત્પાદકોની પેનલ મંજુર કરવાના કામે આવેલ (૧) અંજની સીમેન્ટ આર્ટીકલ, (૨) બંસલ ક્રિએશન્સ પ્રા. લી., (૩) સીલીકોન ટાઈલ્સ, (૪) લક્ષ્મી ટાઈલ્સ, (૫) પી. એમ. પેવર્સ, (૬) શ્રી અરીહંત પ્રિકાસ્ટ પ્રોડકટસ, (૭) હાઈ–ટેક પ્રિકાસ્ટ, (૮) કિસ્મત ટાઈલ્સ એન્ડ ફલાય–એશ પ્રોડકટસ (૯) રૂષભ એન્ટરપ્રાઈઝ અને (૧૦) યુ એન સન્સ કંપની એમ કુલ–૧૦ પેવર બ્લોક ઉત્પાદકોને સુરત મહા.માં સપ્લાય કરનાર પેવર ઉત્પાદકો તરીકેની યાદીમાં ૨ (બે) વર્ષની મુદત અથવા નવી પેવર બ્લોક ઉત્પાદકોની પેનલ મંજુર થાય ત્યાં સુધી એમ્પેનલ્ડ કરવા તથા સુરત મહા.માં પેવર બ્લોક બેસાડવાની કામગીરીમાં, જે તે ઈજારદારો તેમની કામગીરીમાં વાપરવામાં આવતા પેવર બ્લોકની ખરીદી દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૪) માં જણાવેલ વિગતોને આધિન સદર મંજુર કરેલ ઉત્પાદકો પાસેથી જ કરી શકે તે બાબતની મંજુરી આપવા નિર્ણય લેવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૭–૨૦૨૪ નો પત્ર, ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૨૦(૨) હેઠળના નામદાર હાઈકોર્ટમાં થયેલ દાવાપ્રકરણોમાં એડવોકેટશ્રી અમિતભાઈ પંચાલને દરખાસ્તમાં જણાવેલ વિગતે તેમની બાકી રહેતી અપીરીયન્સ પેટે રૂા.૬૦૦૦/– + કલેરીકલ ચાર્જ + Incidental Expenses રૂા.૧૭૫૦/– મળી કુલ રૂા.૭૭૫૦/– પ્રતિ અપીરીયન્સ કુલ–૩૮૯ અપીરીયન્સ અન્વયે ફી ની ચુકવણી કરવા યોગ્ય નિર્ણય લેવા તથા તે અંગેની આગળની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા માટે સક્ષમ સત્તાધિકારીશ્રીને અધિકૃત કરવા મંજુરી આપવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૫–૭–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન વિસ્તારમાં આવેલ જુદી–જુદી હાઈડ્રોલિક વિભાગ હસ્તકની મિલ્કતોમાં સિવિલ મેઈન્ટેનન્સની કામગીરી કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર ટેન્ડરર તિવારી સંતોષ કન્સ્ટ્રકશન, સુરતને અંદાજી રકમ રૂા.૪૬,૧૬,૪૫૯–૯૦ થી ૧૮.૭૧% નીચા ભાવે એટલે કે રૂા.૩૭,૫૨,૭૨૦–૨૫ ના ખર્ચે ઉકત કામગીરી કરાવવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૬–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી સાઉથ ઝોન–બી (કનકપુર) હેઠળના નવા સમાવિષ્ટ કનકપુર–કનસાડ, પાલી, સચિન, પારડી કણદે, ઉબેર તેમજ તલંગપોર વિસ્તારોમાં પાણી પુરવઠો પુરો પાડવા માટે ટ્રાન્સમીશન મેઈન નાંખવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરર કલાસિક નેટવર્ક પ્રા.લિ., રાજકોટનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૮,૩૭,૮૫,૪૮૪–૮૬ થી ૦.૧૮% નીચુ એટલે કે રૂા.૫૮,૨૭,૩૪,૬૭૦–૯૯ નું ટેન્ડર કબુલ રાખવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૫. મ્યુ.ક.શ્રીનો તા.૧–૭–૨૦૨૪ નો પત્ર, સુરત મહા. હસ્તકની જુદી જુદી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમના મેનેજમેન્ટ તથા નવી સીસ્ટમના ડેવલપમેન્ટના ઈજારાના કામે આવેલ કુલ–૩ એજન્સીઓ પૈકી ઓછા ભાવ આપનાર એજન્સી સિલ્વરટચ ટેકનોલોજીસ લી. પાસે દરખાસ્તના Table-A માં જણાવેલ વિગતે ત્રણ વર્ષ માટે કુલ રૂા.૧૭,૫૬,૩૦,૨૪૦/– + GST (18%) ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા જો સુરત મહા.ની કામગીરી માટે વધુ મેન પાવરની જરૂર પડે તો સિલ્વરટચ ટેકનોલોજીસ લી. પાસે ટેન્ડરના સેકશન ૧૨, કલોઝ–૨ માં જણાવ્યા મુજબ ટેન્ડરના પાર્ટ–૪ ના કલોઝ ૪.૧.૫ માં જણાવ્યા મુજબના મેનપાવરના ભાવોની શરતો મુજબ વધુ મેન પાવર ઉપલબ્ધ કરાવવા તથા સદર એજન્સી સાથે કરારનામુ કરવા અને પ્રથમ એક વર્ષ માટેનો કરાર કરી જો એજન્સીની કામગીરી સંતોષકારક જણાય તો બાકીના બે વર્ષ માટે તેઓ પાસે કામગીરી કરાવવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તથા સદર કામ અન્વયે નવી એજન્સીની નિયુકિત થાય તે સમયગાળા દરમ્યાન સ્થા.સ.ઠ.નં.૮૧/૨૦૨૧ થી મંજુર થયેલ ભાવે અને શરતે હાલમાં નિયુકત એજન્સી સિલ્વરટચ ટેકનોલોજીસ લીમીટેડ પાસે ૨૩ આઈ.ટી. પ્રોફેશનલ થકી માસિક અંદાજીત રૂા.૩૪,૯૩,૫૮૪/– + GST ના ખર્ચે વધુ બે માસ અથવા ટેન્ડરની પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી (બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી) લંબાવવા યોગ્ય નિર્ણય લેવા બાબત.

આ દે શ થી,

શ્રી. ર.પટેલ

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૩૦–૭–૨૦૨૪.

ANAHITA.